


## સલામી સવારની..

*કરી છે આગાહી હવે 'ત્રીસમી' ના ધડાકા થશે!*
*ને મધ્યમ વર્ગ પર ફરી વિજ-કડાકા થશે!*
*વળાંકા હશે નિર્ણયમાં, અટપટા આદેશના -*
*તડાકા નોટબંધીના, આબરૂના ફડાકા થશે!*

હાઈકુ

*આ નીતિમાનો,*
*પી જાય આરોપોને -*
*મીરાંની જેમ...*
*(કોઈ અસર જ નહીં?!)*

*હવે દેખાય,*
*'કેશ'લેસ આ સિંહ -*
*ઘેટાં જેવા જ!*
*(પરિસ્થિતિ પાસે લાચાર)*

## ચિંતન

**છુદ્ર નહી ભરિ ચલીં તોરાઈ, જસ થોરહું ધન ખલ વતરાઈ,**
**ભૂમિ પરત ભા ઢાબર પાની, જનુ જીવહિ માયા લપટાની.**

ઉપરોકત ચોપાઈ તુલસીકૃત 'રામાયણ'માંથી લેવામાં આવેલ છે.

જેમ નાની નાની નદીઓ જળ ભરાઈ જવાથી ઊભરાઈ જાય, અલ્પ દ્રવ્ય પ્રાપ્ત કરી શુદ્ર મનુષ્ય હૃદયમાં ઊભરાઈ જાય છે, જેમ પૃથ્વી પર પડતાં નિર્મળ જળ મેલવાળું થાય, તેમ જીવ માયામાં લપેટાઈ જઈને મલિન થઈ જાય છે. આમ તો તુલસીકૃત રામચરિત્ર માનસમાં વર્ષાઋતુનું વર્ણન છે પરંતુ એમાં આપવામાં આવેલી ઉપમાઓને કારણે અધ્યાત્મનો બોધ થાય છે.

નાની નદીઓમાં પૂર આવતાં તે છલકાય-ઉભરાય છે કોઈ ઓછા સંસ્કારી-નીચ લોકોને અચાનક કૌભાંદ-પદ-સત્તા દ્વારા વધારે દ્રવ્ય મળી જાય ત્યારે તેનો પોતાના પર, સ્વભાવ પર સંયમ રહેતો નથી અને 'છલકાય' છે અર્થાત અભિમાની થઈ જાય છે. વર્ષાનું પાણી તો તદ્દન ચોખ્ખું જ હોય છે પણ ધરતીની ધૂળમાં પડી જેમ મેલું થાય તેમ જીવ-નાનું બાળક નિર્દોષ જ હોય છે પણ સંસારમાં અસંસ્કાર તેને મિલન બનાવી નાખે છે.

## સુવિચાર

- કુટુંબમાં તિરાડ પડવાના બે મુખ્ય કારણ... એક વાત્સલ્યનો અભાવ... બીજી વધુ પડતી અપેક્ષા - **મુનિ રત્નવિજયજી**
- વૃદ્ધાવસ્થા પહેલા મને બરાબર જીવવાની ચિંતા હતી, વૃદ્ધાવસ્થામાં બરાબર મરવાની - **સોક્રેટીસ**
- દાંત બનાવટી હોઈ શકે, જીભ નહીં, છતાં ય જીભ બનાવટી વાત કરવાનું ચૂકતી નથી - **મુનિ ભાનુચંદ્રજી**
- મોટામાં મોટું સત્ય સૌથી સીધું સાધું હોય છે તેમ મહાન માણસો પણ સીધા સાદા અને સરળ જ હોય છે - **સંત રોબિન**
- ભાવતું ખાઈ શકાય એ યુવાવસ્થા, ફાવતું જ ખાઈ શકાય એ વૃદ્ધાવસ્થા - **ફાધર વાલેસ**
- સતત કામ કરવા વાળો મરવાના થોડા કલાક પૂર્વે જ વૃદ્ધ થાય છે - **જેન કથન**
- આજનું ઔષધ : તુલસી અને સુરજમુખીન પાન વાટીને તેનો રસ પીવાથી ટાઢીયો ટાવ મટે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

આજકાલ આપણું યુવાધન વિદેશ ભણવા જાય છે પછી ત્યાં જ ડૉકટર-ઈજનેર થઈ ત્યાંના નાગરિક થઈ વિદેશી લોકોની રોવામાં ગંજાવર 'રકમ' - પગાર પ્રાપ્ત કરી બે પાંદડે થાય છે દેશનું મૂળ-વૃક્ષ-ભૂલી જ જાય છે. આર્થિક સ્થિતિ આગળ દેશની સેવા ગૌણ થઈ જાય છે.

સ્વામી રામતીર્થ નાનપણથી કુશાગ્ર બુદ્ધિના માલિક હતા. એમનું બુદ્ધિ ચાતુર્ય, વાક્છટા અને આધ્યાત્મિક જ્ઞાન જોઈ - કૉલેજના જ એક અંગ્રેજ પ્રોફેસરે તેમને બોલાવી કહ્યું : મિ. રામતીર્થ મારી તમને સલાહ છે કે તમે વિલાયત અભ્યાસ માટે જાવ અને ત્યાં તમારી બુદ્ધિશક્તિથી 'આઈસીએસ' જેવી ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી ભારતમાં અંગ્રેજ સરકારમાં સારી ઊંચી પદવી પ્રાપ્ત કરી શકશો.

તરત તીર્થરામ બોલ્યા - 'સર, આપની સલાહ માટે હું આપનો ખૂબ જ આભારી છું પણ મારી બુદ્ધિનો ઉપયોગ હું મારા ભારતના દેશવાસીઓની ઉન્નતિ અને સેવા માટે જ કરવા ઈચ્છું છું. અંગ્રેજ સરકારને હું મારી બુદ્ધિ-શક્તિ વેંચવા જરા પણ ઈચ્છતો નથી.' પ્રોફેસર તીર્થરામ સામે એકીટસે જોઈ જ રહ્યા.

# ગ્રામપંચાયતોનાં પરિણામો 'નિર્ણાયક' ખરાં

અનેક ગ્રામપંચાયતોની ચૂંટણી સાથે આવે ત્યારે એમ જ લાગે કે એનાં પરિણામો શાસક સરકારની સફળતા અથવા નિષ્ફળતાની પારાશીશી બની રહેશે. સવિશેષ જયારે રાજયમાં અનેક મુદ્દાઓ પર લોકઆંદોલનો ચાલી રહ્યાં હોય અને ગ્રામીણ પ્રજાનો એક નોંધપાત્ર સમુદાય સરકારની વિરુદ્ધ ધરણાં પર ઊતરતો રહ્યો હોય ત્યારે અને ગ્રામીણ પ્રજાનો એક નોંધપાત્ર સમુદાય સરકારની વિરુદ્ધ ધરણાં પર ઊતરતો હોય ત્યારે આવી ચૂંટણીઓ રાજય સરકાર માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહે તે સમજી શકાય એમ છે. ગુજરાતમાં અનામત મુદ્દે પાટીદાર આંદોલનનો પ્રવેગ ભલે ઓછો થઈ ગયો હોય પણ એનો કોઈ સંતોષકારક ઉકેલ કે સમાધાન નહીં શોધાતાં બેઉ પક્ષે આશંકા પ્રવર્તી રહી છે તો વળી ઊના-સમઢિયાળા કાંડ મુદ્દે શરૂ થયેલ દલિત આંદોલન પર સરકાર માટે માથાના દુખાવા સમાન બની રહેલ છે. ઓછામાં પૂરું દારૂબંધીના મુદ્દે શરૂ થયેલ ક્ષત્રિય ઠાકોર સમાજનું યુવા આંદોલન પણ આવી ચૂંટણીઓમાં મહત્ત્વનો ભાગ ભજવી શકે એમ છે.

આ તમામ પ્રતિકૂળતાઓમાં છોગું બની રહેલ છે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રાષ્ટ્રવ્યાપી નોટબંધીનો નિર્ણય પછી સૌથી વધુ હેરાનગતી ગ્રામીણ પ્રજાએ અનુભવી છે. ગ્રામીણ વિસ્તારોમાં જૂનું ચલણ બદલી આપવા માટે રાષ્ટ્રીયકૃત બેંકોની મર્યાદિત સંખ્યામાં જ કાર્યરત હોઈ પ્રજાને પારાવાર મુશ્કેલી પડી છે. આ તમામ ફેકટર ગ્રામપંચાયતની ચૂંટણીઓમાં અસર પાડી શકે એમ છે. પરંતુ બીજી તરફ ગામડાની પ્રજા શહેર પ્રજા કરતાં પણ અમુક મુદ્દે વધુ ઊંડી સમજણ ધરાવતી હોવાનું વારંવાર પુરવાર થયેલું છે. બની શકે કે વડાપ્રધાનના નોટબંધીના નિર્ણયને એ ભ્રષ્ટાચારીઓ સામેના કઠોર પગલા તરીકે માન્ય ઠેરવી શાસક પક્ષની તરફેણમાં મતદાન કરી વડાપ્રધાન સાથે હોવાની પ્રતીતિ કરાવે. એમ કરવા જતાં પેલાં રાજયવ્યાપી પ્રજાકીય આંદોલનો પણ બાજુએ રહી જાય તે બનવા જોગ. વળી ગ્રામીણ પ્રજાના શાણપણની એક ખાસિયત એ પણ રહી છે કે તે હંમેશા પોતાનાં વિકાસકાર્યો ઝડપથી થાય એટલા સારુ રાજયમાં જેનું પણ શાસન હોય તેની સાતે મન કે કમને રહેવાનું વલણ ધરાવે છે. આ જ વલણ નગરપાલિકાઓની અને નગરપંચાયતોની ચૂંટણીઓમાં પણ પ્રદર્શિત થતું રહ્યું છે. એનું મૂળ કારણ છે રાજય સરકારની સર્વોચ્ચ સત્તા. લોકસભાની ચૂંટણીમાં ધરાર શાસક સમાજવાદી પાર્ટીની વિરુદ્ધમાં મતદાન કરનાર ઉત્તરપ્રદેશની પ્રજાએ

**તંત્રીસ્થાનેથી...**

નગરપાલિકાઓ અને પંચાયતોની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટી તરફી જ ચુકાદો આપ્યો હતો તે શું અમથું કે? પ્રજા જાણતી જ હોય છે કે ગ્રામપંચાયતોનો સરપંચ કે નગરપાલિકાનો પ્રમુખ પોતાની સ્થાનિક સ્વરાજની સંસ્થામાં રાજયના મુખ્યમંત્રી જેવી આબધિત સત્તા નથી ભોગવી શકતો. મુખ્યમંત્રી જેમ રાજયના મુખ્ય સચિવની નિમણૂક કરી શકે છે તેમ તે પોતાની પસંદગીના તલાટી કે ચીફ ઑફિસર નથી નીમી શકતો.

પંચાયતી રાજ પાસે મર્યાદિત સત્તાઓ જ છે અને કોંગ્રેસ શાસન વખતે હતી એમાં પણ મોદી શાસનકાળથી ઘણો ઘટાડો થયેલ છે. આનંદીબેન પટેલે કોંગ્રેસની ૩૩ ટકા મહિલા અનામતને ૫૦ ટકામાં ફેરવી તે સાચું, પરંતુ પંચાયત સ્તરે રાજય સરકારે કરેલ નિર્ણય રાજયની વિધાનસભા કે દેશની સંસદમાં લાગુ કરવાની શાસક પાર્ટીની કોઈ જ તૈયારી નથી તે સૌ જાણે છે. આ તમામ વાસ્તવિકતાઓ વચ્ચે ગ્રામીણ પ્રજા મહંદશે ચાલુ રાજય સરકારની સાથે જ રહેવાનું અને પક્ષાપક્ષીથી પર રહી મતદાન કરવાનું વિચારે તો તેથી એ વિધાનસભાની ચૂંટણી વખતે પણ સાથે જ રહેશે એમ માનવું વધારે પડતું છે.

# મરીમયને એમ લાગ્યું કે ભગવાન ઈસુની સામે તેને સોનાના દાગીના નહીં પણ માનવ અસ્થિઓ મુક્યા ન હોય

'માઈકલ, તમે આવ્યા હોત તો બહુ મજા આવત. ક્રિસમસમાં ચર્ચની રોશની જોઈ બાળકો તો બહુ રાજી રાજી થઈ ગયા હતા.'

'તમે પ્રાર્થના કરી આવ્યાને?'

'હાં, મેરી અને ડેનિયલ ને હવે સાન્તાકલોઝની ગિફ્ટનો ઈંતેજાર છે.'

'તે પણ મળી જશે.'

'પણ આપણા તહેવારોમાં તમને બિલકુલ રજા ન મળે એ કેવું?'

'શું થાય પોલીસની નોકરી એ તો તું જાણે જ છે. એક તરફ ગ્રામ પંચાયતની ચૂંટણીઓ છે, નોટબંધીમાં લોકો પરેશાન છે. તેમાં વળી વાઈબ્રન્ટ અને પતંગ ઉત્સવ નજીકમાં છે. નહીંતર મારી પણ ઈચ્છા હતી કે આપણે બાળકોને કાંકરીયા કાર્નિવલ જોવા લઈ જઈએ. પણ હવે તમારે એકલા એ જ જવું પડશે.'

'કેમ?'

'સરકારે આવતા વીસ દિવસ સુધી બધા પોલીસ કર્મચારીઓની રજાઓ રદ કરી દીધી છે.' 'એવું કેમ?'

'મરિમય, તમે છાંપા વાંચતા નથી કે શું?' મને લાગે છે કે ટી.વી. ના સમાચારો પણ આજકાલ જોયા લાગતા નથી. માઈકલે કહ્યું. 'હું તો ઘરકામમાં નવરી જ પડતી નથી આ તો તમારે આજે આવવામાં બહુ મોડું થયું એટલે મને બહુ ચિંતા થતી હતી.

'સારું બે, આ બધું સાચવીને કબાટમાં મુકી દે. બે-ત્રણ દિવસ પછી છોકરાઓને, ૩૧ ડિસેમ્બરની ઉજવણી કરવા કપડાં પણ લાવવામાં થશે.' માઈકલે કેપ ટેબલ પર મુકી યુનિફોર્મ ઉતારતાં કહ્યું.

'શું લાવ્યા છો?' મરિમય માઈકલ તરફ જોઈ રહી તેણે પેન્ટના બંને ખિસ્સામાંથી વારાફરતી સોનાની ચેન, વીંટી અને પાંચસો તેમજ બે હજારના દરની નવી કડકડતી નોટો તેના હાથમાં પકડાવતાં કહ્યું, 'લે હવે સરસ મજાની કડક ચ્હા પાઈ દે.' એમ કહેતા માઈકલ બાથરૂમમાં ગયો.

તેની પત્નીએ જોયું કે સોનાની વજનદાર ચેન, મોંઘી પુખરાજ જડીત વીંટી અને એકદમ નવી નોટો આ બધું અચાનક, વાત શું છે તે તેને સમજાયું નહીં. તે બધી વસ્તુઓને કયાંય સુધી આમ તેમ ફેરવી ફેરવીને જોતી રહી. પછી તેણે એ બધું લઈ ભગવાન ઈશુની છબીની સામે મુકી દીધું. પ્રભુ આ બધી તમારી જ કૃપા છે. અચાનક ચ્હાનો વિચાર આવતાં તે ચ્હા બનાવવા રસોડામાં જતી રહી. માઈકલ બાથરૂમમાં નીકળી કપડાં બદલી બેઠકરૂમમાં સોફા પર બેસી ગયો. તે ચ્હા બનાવીને લાવી એટલે થાક અને કંટાળો બતાવતા તેણે ચ્હાનો કપ હાથમાં લઈ એક ગ્લાસ પાણી માંગ્યુ. તે પાણી લઈ આવી. ચ્હા પી ને નિસાસો નાંખતા ચહેરા પર થાકનો ભાવ લાવતા ચૂપચાપ ચ્હા પી તેણે સોફા પર જ લંબાવ્યું. અને આંખો મીંચી દીધી.




મરીયમ સામેની ખુરશીમાં બેસી ચ્હા પીતાં પુછી બેઠી. 'આ ચેન, વીંટી અને આટલા રૂપિયા? કયાંથી બધું ખરીદ્યું? અને આ રૂપિયા? શું જૂનું કોઈ ભથ્થાનું કે ડીફન્સનું બીલ મંજૂર થયું?'

'હાં, બસ એમ જ સમજને' માઈકલે મીંચેલી આંખે જ જવાબ આપ્યો.

તે પોલીસ હેડ કોન્સ્ટેબલ છે. સવારથી યુનિફોર્મ પહેરીને ઘેરથી નીકળ્યો હતો. તેમના આ જવાબથી મરીમય કંઈ સમજી નહીં. તેણે ફરી પુછ્યું, 'હાં, બસ એમ જ સમજું, પણ શું?' તેણે ભોળપણથી પુછ્યું તો માઈકલ ખીંજાઈ ગયો. 'અરે ગાંડી, ટી.વી. જોતી જા, આજે શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયો છે. તેની તને ખબર છે.'

વિસ્ફોટને કારણે ખંડેરમાં બદલાઈ ગયેલ મકાનો અને દુકાનોના કાટમાળમાંથી લાશો કાઢવાની જવાબદારી અમારી ઉપર આવી પડી હતી. કોઈ લાશના ગળામાં ચેન હતી તો કોઈની આંગળીઓમાં વીંટી. તો કોઈ બેંકમાંથી માંડ માંડ લાવ્યા હશે તેના ખિસ્સામાંથી નોટો મળી. અમારે સૌ સ્ટાફવાળાને તો ક્રિસમસ સુધરી ગઈ. સમજી...'

મરીમયને એમ લાગ્યું કે ભગવાન ઈસુની સામે તેને સોનાના દાગીના નહીં પણ માનવ અસ્થિઓ મુક્યાં ન હોય.

# પ્રેમના નામે ઈમોશનલ પઝેસિવનેસ

વિશ્વનાં શક્તિશાળી બિઝનેસ વૂમન અને ફોર્બ્સ—વૂમન ઓફ ધ યર તરીકે જાણીતાં આઈ.સી.આઈ.સી.આઈ.ના ચેરપર્સન ચંદા કોચરનું કહેવું છે કે ''એકવીસમી સદીમાં મહિલાઓ વધુ શિક્ષિત થઈ છે અને આર્થિક રીતે પણ વધુ સક્ષમ બનીને પુરુષોથી પણ વધુ કમાતી થઈ છે. આમ છતા આવી મહિલાઓ તેમના પતિમહાશયની માનસિક-શારીરિક ગુલામી કેમ ચલાવી લે છે, એ સમજાતું નથી.''

ચંદા કોચર પોતે પાવરફૂલ બિઝનેસ વૂમન છે. એશિયાની સૌથી મોટી ગણાતી ઈન્ટરનેશનલ બેન્કના સર્વોચ્ચ પદ ઉપર છે. તેઓ એકવીસમી સદીની વર્કિંગ વૂમનની વેદના અને બેડરુમની ચાર દીવાલોમાં અથડાતા રહેતા ડુસકાને સમજે છે. તેમણે કહ્યું છે કે આજની સ્ત્રી ભણેલી અને સારું કમાતી હોવા છતા શા માટે પોતાની ઉપર પતિના જુલમો-સિતમ ચલાવી લે છે? આમ સ્ત્રી-પુરુષ સમાનતાની, ઈક્વાલિટીની બધી વાતો વાસ્તવિકતાની દુનિયામાં હવા થઈ જાય છે, હવામાં ઓગળી જાય છે.

મેલ ડોમિનન્ટ સોસાયટી માટે આજની આધુનિક નારી શું જવાબદાર નથી? પહેલી નજરમાં આધુનિક વિચારસરણીવાળી યા મોડર્ન દેખાતી વર્કિંગ વૂમન હો કે હાઉસ વાઈવ્સ આખરે પોતાના પતિના શરણે જ રહેવાનું કેમ પસંદ કરે છે? પતિ પ્રત્યે માન, આદર, વિવેક અને સન્માન હોય એ તો સમજી શકાય, પરંતુ સામે ચાલીને ગુલામીની લગોલગ જિંદગી કોઈક અપવાદ સિવાય મોડર્ન વૂમન સામે ચાલીને પસંદ કરે છે, એનું લોજિક શું છે? કોઈ જવાબ નથી. લાજવાબ.

આપણે ડો.નિમિષા ભટ્ટની વાત કરીએ તો પતિ-પત્ની બેઉ ડોક્ટર છે અને બેઉ કન્સલ્ટન્ટ ફેમિલી ફિઝિશિયન તરીકે અલગ અલગ દવાખાના સંભાળે છે. સવારે અને સાંજે એવરેજ વીસ-વીસ પેશન્ટ અને દરેક પેશન્ટ પાસેથી એવરેજ સો રૂપિયા ચાર્જ અને મહિનાના ૨૫ દિવસની પ્રેકટિસ ગણીએ તો દર મહિને એક લાખ રૂપિયા પતિના હાથમાં (ચરણમાં) જમા કરાવી દે છે. પતિ પણ મહિને એટલું જ કમાય છે. પરંતુ જિંદગી જાણે એક બંદીવાન યા જેલના કેદી જેવી. જેલ ખરી પણ પ્રેમની જેલ અને પોતે પસંદ કરેલી જેલ. કેવી રીતે? એ પણ સમજવા જેવું છે. ઘરથી દવાખાનું અને દવાખાનાથી ઘર. ટાઈમટેબલમાં જો પાંચ મિનિટ પણ ફેરફાર થાય કે પતિ મોબાઈલ કરીને પત્નીને લોકેશન પુછી લે.

પતિ-પત્ની બેઉ ડોક્ટર હોય એટલે એકમેકની ફિલિંગ્સ વધુ સારી રીતે સમજી શકે અને એકમેકના પ્રોફેશનલ ફિલ્ડના વર્ક-ટાસ્ક અને ચેલેન્જીસ પણ સમજી શકે એવું માનવામાં આવે છે, પરંતુ હંમેશા એવું બનતું નથી હોતું. આદર્શ અને વાસ્તવિકતાઓ ઉત્તર અને દક્ષિણ ધ્રૂવ સમાન હોય છે એ વાતનો અહેસાસ લગ્નના વરસો વીતતાં જાય તેમ તેમ ખબર પડતી જાય. પછી એવો તબક્કો આવે કે છુટા પડવાનું મન હોય પણ સંતાનની દોરી છુટા પડવા ના દે અને જકડી રાખે. ઘર બહારની દુનિયાવાળાઓને તો એમ જ લાગે કે ''આઈડિયલ કપલ'' છે. ''જસ્ટ મેડ ફોર ઈચ અધર.'' પરંતુ મોટા ભાગના કિસ્સામાં એવું હોતું જ નથી, જેવું બહારથી દેખાતું હોય છે.

આપણે ડો.અલકા શાહની પણ વાત કરીએ. પત્નીની ગવર્મેન્ટ મેડિકલ ઓફિસર તરીકે મહિને સવા લાખની પગારની આવક, જ્યારે પતિ બિચારા પરચુરણ કન્સલ્ટિંગ કરીને મહિને ચાળીસ-પચાસ હજાર અથવા ક્યારેક પચ્ચીસ-ત્રીસ હજાર પણ કમાઈ લે. પતિને પોતાની ઓછી આવકનો ઈગો પ્રોબ્લેમ. શરુઆત અહીંથી થાય. પતિનો દેખાવ પણ પત્નીના પિતા હોય એવો બૂઝુર્ગ. આમ ડો.અલકા શાહના પતિને દેખાવનો વળી બીજો ઈગો પ્રોબ્લેમ. ઘરનો તમામ ખર્ચ પત્ની જ ઉઠાવે. સંતાનોને ભણાવવાની ફી, તેમનો તમામ ખર્ચ પત્નીની આવકમાંથી જ થાય. લોનથી લીધેલા મકાન માટે બેન્કનો માસિક હપતો પણ પત્નીએ જ ભરવાનો. ઘરખર્ચ, લાઈટ બિલ, ટેક્ષ અને અનાજ-કરિયાણું વગેરે તમામ ખર્ચ પત્ની જ કરે. તો પછી પતિએ શું કરવાનું? એણે ઘરની કોઈ જવાબદારી નહીં ઊપાડવાની? આ સવાલનો જવાબ છે, ના.

ડો.અલકા શાહના પતિ માત્ર પોતાના અંગત ખર્ચ, પોકેટ મની અને રકમ વધે તો શેરબજારમાં પોતાની કમાણી ખર્ચ કરી નાખે. પરંતુ ઘરમાં અથવા પત્નીને એક રૂપિયો પણ ના આપે. શેરબજારમાં સટ્ટો રમવો એટલે રૂપિયા ગુમાવવાનો જ ધંધો. પત્નીએ સમયસર નોકરીએ જવાનું અને સમયસર ઘરે પાછા આવવાનું. અઠવાડિયામાં ચાર-પાંચ વાર પતિ પોતે પત્નીને લેવા-મૂકવા માટે જાય. પત્નીને જો દસ મિનિટ પણ મોડું થાય તો પતિ જાતજાતના સવાલો કરે. અરે, દિવસમાં દર એક કલાકે પત્નીને મોબાઈલ કરીને પુછતાછ પણ કરે. લોકોને એમ દેખાય કે પતિ-પત્ની વચ્ચે કેવો પ્રેમ છે. પરંતુ એક પ્રકારની બંદીવાન સ્થિતિ. પતિએ પત્નીના રૂપિયામાંથી કાર લીધી પરંતુ પત્નીને ચલાવવા પણ ન આપે. વધુ કમાતી પત્ની બિચારી ટુ-વ્હીલર વાપરે. પતિએ જ્યારે બીજી નવી કાર પત્નીના રૂપિયાથી જ લીધી, ત્યારે મોટા ભાગના ઘરોમાં બને છે એમ જૂની કાર પતિએ પત્નીને ફાળવી, પરંતુ ચલાવવા તો ના જ આપે. એવું બોલી બોલીને ઈમોશનલી ટોર્ચર કરે કે, ''તને ટ્રાફિકમાં બરાબર ચલાવતા ક્યાં આવડે છે?'' ઘરની ચાર દીવાલોમાં પત્નીનાં ડુસકાં કોણ સાંભળે? એ કોને કહેવા જાય કે પતિનો આવો ત્રાસ છે? બહારની દુનિયાના લોકોને તો આ પતિ-પત્ની હેપી કપલ જ લાગે.




મેડિકો-કપલનું ઉદાહરણ આધુનિક યા મોડર્ન કપલ તરીકે આપીએ તો ડો.મેઘના શાહની પણ વાત કરીએ. પતિ ઓશો સન્યાસી અને મુક્ત આચારવિચારવાળા. પતિ-પત્ની બેઉ સરકારી નોકરીમાં એટલે મહિને એક-એક લાખથી વધુ પગાર. છતા પતિ લગ્ન કર્યા ત્યારથી ઘરમાં એક રૂપિયો પણ ના આપે. પત્નીએ જ ઘર-પરિવારની તમામ જવાબદારીઓનું વહન કરવાનું રહે. પતિ પોતાના પગારની રકમ એશોઆરામ માટે જ ખર્ચ કરી નાખે. એકથી વધુ મહિલાઓ સાથેના સંબંધ પણ ખરા.

સામાન્ય રીતે પતિનું પરસ્ત્રીગમન કોઈ પણ પત્ની ચલાવી ના લે. એ જ પ્રમાણે પત્નીના લગ્નબાહ્ય સંબંધો પણ પતિ ના ચલાવી લે. પરંતુ હદ તો એ થાય કે ડો.મેઘના શાહની નજર સામે જ તેના ઘરમાં પતિ પોતાની સ્ત્રીમિત્રને આમંત્રિત પણ કરે. આટલી હદ સુધી પત્નીએ બધું સહન કરવાનું અને ચલાવી લેવાનું આવે. બે સંતાનોના ચહેરા નજર સમક્ષ હોય એટલે છુટાછેડા લેવાનો વિચાર પણ ના આવે. બહારની દુનિયા માટે આ કપલ આદર્શ યુગલ જ દેખાય. બીજી તરફ ઘરની ચાર દીવાલોમાં પત્ની ચોધાર આંસુએ રડતી રહે. એટલું જ નહીં, સહેજ પણ વિરોધનો સૂર-અવાજ કાઢે ત્યારે પત્ની ડો.મેઘના શાહને તબીબ પતિ ઢોરની માફક મારે અને રૂમમાં પણ પુરી દે. આદર્શ નારી તરીકે તબીબ પત્ની આમ છતા પતિને પરમેશ્વર તરીકે સ્વીકારે. તેની મારઝુડ જાણે પત્નીને મન પ્રસાદ.

સ્ટોપર : ''જીવનમાંથી સંવાદીતા અને સાયુજ્યનું સંગીત રેલાય એનું નામ સુખ. તૃપ્તિ અને આનંદની સૂરાવલિઓ ભીતરથી સતત છલકતી રહે એનું નામ સુખ.''

—મોઝાર્ટ

# વિફરેલી જવાની..!! દુનિયા છે દિવાની, બદનામ જવાની, શંકાની અદાલતમાં લઈ લો જુબાની..!!



ત્રીજી વખત ગણપતિ આગળ ઓલવાયેલો દીવો સળગાવતાં યામિનીબેન બબડયાં, 'દેવા, કેમ આમ? ક્યાં ભૂલ થઈ અમારી..?'

કંઈક અમંગળ ઘટના ઘટવાના એંધાણ વર્તાય એ પહેલાં, દીકરી ઝીલનો ગણગણાટ કાને પડ્યો, 'ડેડુ, પાર્ટી કરવાના પૈસા...? વર્ષનો 'છેલ્લો દિવસ' નજીક આવી રહ્યો છે, થર્ટી-ફર્સ્ટ ડિસેંબર...'

'પાર્ટી..? શું એ નથી જાણતા કે આવી પાર્ટીઓમાં કેટલાં જોખમો રહેલાં છે?' યામિનીબેનનો ચિઢાયેલો સ્વર દેવસ્થાનમાંથી ગૂંજયો, '..ને વિશ્વાસ પણ કોની પર મૂકાય આજના જમાનામાં? પેલો મુર્શીદ ખાન - શિક્ષક થઈને શાળામાં છોકરીઓની છેડતી કરતા ઝડપાયો, ને જેલ ભેગો થયેલો...'

'ઉંમર છે એની પાર્ટી કરવાની, હમણાં નહીં તો ક્યારે કરશે..?' ડેડીએ દીકરીનો પક્ષ લીધો. વોલેટમાંથી 'બાપુ'ના નવા 'ડીપી'વાળી પાંચ ગુલાબી નોટો દીકરીને પકડાવતા મોટા સાદે બોલ્યા, 'લે, પણ... માત્ર બે હજાર રૂપિયા જ મળશે...' - ને ઝીલે દસ હજાર રૂપિયાની નોટોની મુઠ્ઠી વાળતાં, ડેડી સામે જોઈ આંખ મીચકારી; ઉત્સાહથી બોલી ઊઠી, 'થર્ટી-ફર્સ્ટ ડિસેંબરની પાર્ટી તો મનાવીશું જ.'

એટલામાં હવાની એક લહેરખી આવી, ને ફરી એકવાર યામિનીબેનનો દીવો બૂઝાયો.

છેક એવું પણ નહોતું કે યામિનીબેન દીકરી પ્રત્યે કડક વલણ અપનાવતાં હતાં. પરંતુ, એમને દીકરીની ચિંતા હતી. સમાજની ગંદી નજરથી એની વધી રહેલી યુવાનીને સુરક્ષિત રાખવાની હતી. અને એટલે જ એમણે પડોશમાં રહેતા એક વિશ્વાસુ છોકરાને ઝીલનું 'ધ્યાન' રાખવાનું કામ સોંપ્યું હતું.

●●●

થોડાં દિવસો બાદ,

'આય-હાય, દેવા રે દેવા.. આ છોકરીને શું કુમતિ સૂઝી?'

> શ્વાસ નામની સિમેન્ટ લઇને જીવન ચણવા બેઠા
> અમે રાતનું સૂપડૂં લઇ અંધાર ઊપણવા બેઠા
> આટલો પણ વિશ્વાસ ન'તો શું મારી ઉપર ?
> હાથ મિલાવ્યા બાદ તમે આંગણીઓ ગણવા બેઠા
> — અનિલ ચાવડા

યામિનીબેન આકુળવ્યાકુળ થઈ ઊઠ્યાં.

'હા આંટી, છેલ્લા ઘણા દિવસોથી હું મારી સગી આંખે, ઝીલને શાળાનાં પેલા - છેડતીખોર સાહેબ મુર્શીદ ખાનના ઘરમાંથી નીકળતી જોઉં છું...' યામિનીબેનનાં જાસૂસ છોકરાએ સચોટ માહિતી આપતા ઉમેર્યું, 'એક વાર તો એની સાથે અન્ય ત્રણ-ચાર છોકરીઓ પણ હતી.'

યામિનીબેન ચિંતાતુર રહેવા લાગ્યાં. દીકરીને આ અંગે વધુ પૂછપરછ કરવામાં વાત બગડશે એવી સમજ ધરાવતાં હતાં. આખરે એક દિવસ ધૂંધવાતાં ધૂંધવાતાં શાળાએ જઈ પહોંચ્યાં. વર્ગ-શિક્ષક તથા પ્રિન્સિપાલ સાહેબને મળ્યાં. રોષ ઠાલવતાં બોલ્યાં, 'તમે શું ધ્યાન રાખો છો વિદ્યાર્થીઓનું? કોઈ છોકરી ઘણા દિવસો સુધી શાળાનાં સમય દરમ્યાન 'ગાપચી' મારતી હોય, તો તમારી ફરજ નથી એનાં પેરેન્ટ્સને જાણ કરવાની?'




'અરે બેન, પરંતુ... તમારી ઝીલ બે દિવસ શાળાએ આવે, ને બે દિવસ ગેરહાજર હોય.જ્યારે અમે તમને જાણ કરવાનું નક્કી કર્યું હોય, એ દિવસે શાળામાં એ હાજર થઈ જાય.' પ્રિન્સિપાલ સાહેબે ચોખવટ કરી.

'આજની પેઢીને શાળામાં સાચું જ્ઞાન અપાતું જ નથી, અને ઉપરથી જાતજાતની પાર્ટીઓના દૂષણો ઊભાં કરાય છે એ જુદાં.' યામિનીબેન ઉભરો ઠાલવી રહ્યાં હતાં, ને એમનાં જાસૂસનો ફોન આવ્યો, 'આંટી, જલ્દી આવો... કોર્ટની સામે મોટી ભીડ જામી છે. ને ઝીલને હમણાં જ મેં કોર્ટમાં પ્રવેશતાં જોઈ...'

કોર્ટનું નામ સાંભળીને યામિનીબેનનાં હૃદયના ધબકારા ધામણની ગતિએ વધ્યા. મસ્તિષ્કમાં વમળો સર્જાયા. જેમતેમ સ્વસ્થતા મેળવી પતિને પણ આ હકીકતથી વાકેફ કર્યા.

●●●

મારતી ગાડીએ પતિ-પત્ની કોર્ટ આગળ પહોંચ્યાં. વિદ્યાર્થીઓનું ટોળું કોલાહલ મચાવી રહ્યું હતું. મા-બાપની પરેશાન આંખો દીકરી ઝીલને શોધી રહી હતી.

ત્યાં જ એક યુવાને હાંફળાફાંફળા કોર્ટરૂમમાંથી દોડતા બહાર આવીને ટોળાંને ઉદ્દેશીને બુમરાણ મચાવી, 'સાંભળો મિત્રો સાંભળો... આપણે કેસ જીતી ગયા... આપણા લાડીલા મુર્શીદસરને પૂરા સન્માન સાથે બધા આરોપોમાંથી મુક્ત કરાયા છે!'

...ને ટોળું ચિચિયારીઓ પાડી ઊઠ્યું.

થોડી જ વારમાં શિક્ષક મુર્શીદ ખાન, ઝીલ તથા એનાં સહાધ્યાયીઓ ગૌરવભેર કોર્ટની બહાર નીકળ્યાં. ઝીલની જ ઉંમરની એક છોકરી યામિનીબેન તરફ આગળ વધી, અને બોલી, 'આંટી, આજે ઝીલ અને મિત્રોના સંગઠનને લીધે જ હું મારા શિક્ષક-પિતાને સુરક્ષિત પાછા મેળવી શકી છું. શાળાનાં ટ્રસ્ટીઓએ જુઠા આરોપો થોપીને એમને ફસાવ્યા હતા. ઝીલ તથા મિત્રોએ પાર્ટી કરવાને બહાને પોતપોતાના ઘરેથી ઉઘરાવેલી રકમમાંથી લગભગ એક લાખ રૂપિયા ભેગા કર્યા, ને એક બાહોશ વકીલ રોક્યો; કેસ લડ્યા, અને આખરે જીત્યા.'

આંખમાં વેદના અને ખુશીના મિશ્રણવાળા આંસુઓ ભરીને મુર્શીદ ખાનની દીકરી ગળગળી થઈ, 'વર્ષનો આ છેલ્લો દિવસ આજે અમારા નવા જીવનનો પ્રથમ દિવસ બની રહ્યો..!'

અને બધા મિત્રો પોતાના વ્હાલા અને ચોખ્ખા શિક્ષક સાથે થર્ટી-ફર્સ્ટ

અનુસંધાન પાના નં. ૭ પર